ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ચરોતરમિત્ર

૮ | બુધવાર ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૬ | આણંદ | નડીયાદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | વીરપુર | સંતરામપુર

૫૦ વર્ષના અભ્યાસ બાદ લાલબત્તી | સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ગુજરાત 'રેડ ઝોન'માં મુકાયું: આઈસીએઆરના વૈજ્ઞાનિકોનો રિપોર્ટ

ગુજરાત પર 'સુપર અલ નીનો'નું સંકટ ઘેરાયું

સપ્ટેમ્બરમાં પણ સામાન્યથી ઓછો વરસાદ રહેવાની આગાહી

(પ્રતિનિધિ) આણંદ તા.૧૫

પ્રશાંત મહાસાગરમાં આકાર લઈ રહેલા 'સુપર અલ નીનો'ના કારણે ગુજરાતના ચોમાસા પર ગંભીર અસરો વર્તાવાની શરૂઆત થઈ ચૂકી છે. વાસદ સ્થિત 'ભારતીય જમીન અને જળ સંરક્ષણ સંસ્થા' (ICAR-IISWC) ના વૈજ્ઞાનિકો દ્વારા છેલ્લા ૫૦ વર્ષના આંકડાના આધારે કરાયેલા વિશેષ વૈજ્ઞાનિક અભ્યાસમાં ખેડૂતો અને કૃષિ-જળ વ્યવસ્થાપન તંત્ર માટે આગોતરી સાવચેતીની ચેતવણી જારી કરવામાં આવી છે.

વાસદ સ્થિત આઈસીએઆરના સંશોધન કેન્દ્રના વડા ડો. એમ.જે. કાલેધોનકર અને તેમની ટીમ દ્વારા તૈયાર કરાયેલા વૈજ્ઞાનિક અહેવાલ મુજબ, પ્રશાંત મહાસાગરની જળ સપાટીનું તાપમાન વધવાથી સર્જાતી 'અલ નીનો' સ્થિતિ ભારતમાં ચોમાસાના પવનોને નબળા પાડે છે. ભૂતકાળના ૫૦ વર્ષના આંકડા દર્શાવે છે કે ૧૯૮૨-૮૩ (-૨૦%), ૧૯૮૭ (-૧૯%), ૨૦૦૨ (-૧૯%), ૨૦૦૯ (-૨૩%) અને ૨૦૧૫ (-૧૪%) જેવા અલ નીનો વર્ષોમાં રાજ્યમાં ગંભીર દુષ્કાળ કે અછતની સ્થિતિ સર્જાઈ હતી.

ચાલુ વર્ષે ૩૧મી ઓગસ્ટ સુધીમાં રાજ્યમાં સરેરાશ ૬૮૪ મિમી (સરેરાશ અપેક્ષિત વરસાદના ૭૫.૩૩%) વરસાદ નોંધાયો છે, પરંતુ તેનું ચિંતાજનક પાસું વરસાદનું અત્યંત અસમાન પ્રાદેશિક વિતરણ છે. દક્ષિણ ગુજરાતના વલસાડમાં સામાન્ય કરતાં ૭૩ ટકા વધુ વરસાદ વરસ્યો છે, જ્યારે બીજી તરફ કચ્છમાં ૫૦ ટકા ઓછો, પોરબંદરમાં ૪૦ ટકા ઓછો તેમજ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સામાન્ય કરતાં ૮૬ ટકા સુધી ઓછો વરસાદ નોંધાયો છે.

ભારતીય હવામાન વિભાગના અંદાજ મુજબ સપ્ટેમ્બર માસમાં પણ વરસાદ સામાન્યથી ઓછો રહેવાની સંભાવના હોવાથી ખરીફ પાક, જળાશયો અને ભૂગર્ભજળ પર દબાણ વધશે.

જોખમ મુજબ રાજ્યનું 3 ઝોનમાં વર્ગીકરણ કરાયું

રેડ ઝોન (સૌથી વધુ જોખમ): સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાત. અહીં વરસાદ આધારિત કપાસ, મગફળી અને પશુઓના ઘાસચારાની ભારે અછત વર્તાઈ શકે છે.

ઓરેન્જ ઝોન (મધ્યમ જોખમ): મધ્ય ગુજરાત. કેનાલ નેટવર્કના કારણે સ્થિતિ તુલનાત્મક રીતે મધ્યમ જોખમ હેઠળ છે.

ગ્રીન ઝોન (ઓછું જોખમ): દક્ષિણ ગુજરાત. તાપી નદીના પાણીના પ્રવાહને લીધે આ વિસ્તાર સુરક્ષિત ગણાય છે.

ખેડૂતો માટે આઈસીએઆરની 'સાવચેતી ડાયરી'

પાકની યોગ્ય પસંદગી: વધુ પાણી માગતા પાકોને બદલે ઓછા સમયગાળાની અને દુષ્કાળ સહનશીલ કપાસ, મગફળી, કઠોળ તથા બાજરી/મિલેટ્સની જાતો વાવવી.

જળ સંરક્ષણ: ખેત તલાવડીઓ બનાવવી તેમજ ટપક અને ફુવારા જેવી સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિથી પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરવો.

પશુપાલન સુરક્ષા: કચ્છ અને મહેસાણા જેવા સંવેદનશીલ વિસ્તારોમાં પશુધન માટે ઘાસચારા બેંક અને સાયલેજનો સંગ્રહ કરવો.

જોખમ વ્યવસ્થાપન: આવકની સ્થિરતા માટે કૃષિ-વનસંવર્ધન, બાગાયત અને પશુપાલન અપનાવવું તથા 'પીએમ પાક વીમા યોજના' (PMFBY) હેઠળ સમયસર નોંધણી કરાવી લેવી.

દેરાસરોમાં પર્યુષણ પર્વે આંગી દર્શન

કપડવંજ શહેરના ચિંતામણી પાર્શ્વનાથ જૈન દેરાસર તથા અષ્ટાપદ દેરાસરમાં પર્યુષણ પર્વના આઠમા દિવસે મનોહર આંગીના દર્શન યોજાયા હતા. આ પ્રસંગે વિશાળ સંખ્યામાં જૈન ભાઈ-બહેનોએ દર્શન કરી ધર્મલાભ લીધો હતો. કપડવંજમાં પર્યુષણ પર્વની શ્રદ્ધાભેર ઉજવણી થઈ રહી છે. ધાર્મિક ઉત્સવની આ શ્રંખલાને આગળ ધપાવતા, ૧૬મીને બુધવારના રોજ પર્યુષણ પર્વના નવમા દિવસે બપોરે ૩-૦૦ કલાકે શામળભાઈ શેઠની ખડકી ખાતે આવેલા વાત્સલ્ય ધામ ખાતેથી ભવ્ય શોભાયાત્રા નીકળશે.

કપડવંજ નજીક જ્વલનશીલ બેન્ઝીન ભરેલું ટેન્કર પલટ્યું

ચીખલોડ સીમમાં બનાવથી અફડા તફડી મચી

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૫

કાપડીવાવથી વડોદરા તરફ જઈ રહેલું અતિજ્વલનશીલ બેન્ઝીન ભરેલું એક મહાકાય ટેન્કર કપડવંજ-વડોદરા માર્ગ પર આવેલી ચીખલોડ સીમમાંથી પસાર થતી વેળાએ ચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા રસ્તાની બાજુમાં ધડાકાભેર પલટી ખાઈ ગયું હતું. અતિજ્વલનશીલ પ્રવાહી હોવાને કારણે સ્થાનિકો અને તંત્રમાં ભારે ગભરાટ તથા દોડધામ મચી ગઈ હતી.

આ ઘટનાની જાણ થતાં જ કપડવંજ પ્રાંત અધિકારી એ. પી. ઝાલા, સ્થાનિક પોલીસનો કાફલો અને ફાયર બ્રિગેડની ટીમો ગણતરીની મિનિટોમાં ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. સુરક્ષા અને સાવચેતીના ભાગરૂપે તંત્ર દ્વારા આ માર્ગ પરનો તમામ વાહનવ્યવહાર સંપૂર્ણપણે થંભાવી દેવામાં આવ્યો હતો અને સંયુક્ત રીતે બચાવ કામગીરી હાથ ધરી લોકોને દૂર ખસેડાયા હતા. અધિકારીઓની પ્રાથમિક તપાસ દરમિયાન ટેન્કરમાંથી બેન્ઝીનનું એક પણ ટીપું લીક ન થયું હોવાનું સામે આવતાં તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો, જેથી મોટી આગ કે જાનહાનિ થવાની શક્યતા નિવારી શકાઈ હતી. હાલમાં ટેન્કરને સુરક્ષિત રીતે સીધું કરવા અને આગળની કામગીરી પાર પાડવા માટે આઈઓસીએલ ની વિશેષ ટીમને સ્થળ પર બોલાવવામાં આવી છે.

લુણાવાડા એસટી બસ સ્ટેન્ડના શૌચાલયમાં આડસનો અભાવ

એસ.ટી. નિગમ પાસે કાયમી નિવારણની રજૂઆત

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૧૫

મહીસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડા ખાતે આવેલા મુખ્ય એસ.ટી. બસ સ્ટેન્ડ પરિસરમાં જાહેર શૌચાલયની સુવિધામાં પ્રાઈવસીના અભાવે મુસાફરો અને સ્થાનિક નાગરિકો માટે ભારે અસ્વસ્થતા અને શરમજનક પરિસ્થિતિ ઊભી થઈ છે. સતત મહિલાઓ અને બાળકોની અવરજવર ધરાવતા આ જાહેર સ્થળે શૌચાલયમાં યોગ્ય આડશ કે કવરિંગ ન હોવાને કારણે બહારથી અંદરનું દ્રશ્ય સ્પષ્ટપણે દેખાઈ રહ્યું છે.

લુણાવાડાના બસ સ્ટેન્ડના શૌચાલયની ખુલ્લી રચનાને કારણે જ્યારે પુરુષો લઘુશંકા કે શૌચ ક્રિયા માટે જાય છે, ત્યારે યોગ્ય કવરિંગના અભાવે બહારથી બધું દેખાતું હોવાથી શૌચાલયનો ઉપયોગ કરનારા પુરુષો તેમજ ત્યાંથી પસાર થતી મહિલાઓ અને અન્ય મુસાફરો માટે ભારે ક્ષોભજનક સ્થિતિ સર્જાય છે.આ જાહેર શરમને ધ્યાનમાં રાખીને શૌચાલયની બહાર યોગ્ય પતરાં, સનશાઈન સીટ્સ કે દીવાલ ચણીને એવી આડશ (ઓલ) કરવામાં આવે જેથી બહારથી અંદરનું કશું દેખાય નહીં. આ સમસ્યાનું વહેલી તકે કાયમી નિવારણ લાવવા સ્થાનિક રહીશો, વેપારીઓ અને દૈનિક મુસાફરો દ્વારા એસ.ટી. નિગમ અને બસ સ્ટેન્ડ વહીવટી તંત્રને વિનંતી કરવામાં આવી છે. એસટી વિભાગને માત્ર આવકમાં જ રસ હોય તેમ સુવિધામાં મીંડું જોવા મળી રહ્યુ છે.

વરસોલામાં વારંવાર વીજળી ગુલ થતાં ગ્રામજનોમાં રોષ

વાયરમેનનો ફોન બંધ રહેતાં અને કમ્પ્લેઇન સેન્ટરમાંથી યોગ્ય પ્રતિસાદ ન મળતાં સરપંચ દ્વારા રજૂઆત

(પ્રતિનિધિ) નડિયાદ, તા. ૧૫

મહેમદાવાદ તાલુકામાં આવેલા વરસોલા ગામ અને તેના ગોલીપુરા સહિતના સીમ વિસ્તારોમાં છેલ્લા ૨ દિવસથી સાંજના સમયે સતત વીજ પુરવઠો ખોરવાઈ જતાં ગ્રામજનોમાં ભારે અસંતોષ અને રોષની લાગણી ફેલાઈ છે. વરસોલા ગામમાં સાંજનો સમય ઘરગથ્થુ કામકાજ, ભોજન બનાવવું અને બાળકોના અભ્યાસ માટે અત્યંત મહત્વનો હોય છે. બરાબર આ જ સમયે લાંબા સમય સુધી વીજળી ડુલ થઈ જતાં સ્થાનિક રહીશોને ભારે અસુવિધા અને માનસિક તણાવનો સામનો કરવો પડી રહ્યો છે. વીજ પુરવઠા અંગે માહિતી મેળવવા કે ફરિયાદ નોંધાવવા માટે જ્યારે સ્થાનિક વાયરમેનનો સંપર્ક કરવામાં આવે છે ત્યારે તેમનો મોબાઈલ ફોન સ્વીચ ઓફ જ આવે છે. આ સિવાય કમ્પ્લેઈન સેન્ટર પરથી પણ કોઈ જવાબદાર પ્રતિસાદ મળતો નથી, જેથી અચાનક વીજ અકસ્માત કે ઈમર્જન્સીની સ્થિતિમાં લોકો ભારે મુશ્કેલીમાં મુકાઈ જાય છે.

આ ગંભીર સમસ્યા અંગે વરસોલા ગ્રામ પંચાયતના સરપંચ દ્વારા ૧૩મી સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ મહેમદાવાદ વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેરને પત્ર લખીને તાત્કાલિક પગલાં ભરવા માગ કરવામાં આવી છે.

સરપંચે વીજ પુરવઠો ખોરવાવાનું ટેકનીકલ કારણ શોધીને કાયમી નિકાલ લાવવા, સાંજે અવિરત વીજ પુરવઠો જાળવી રાખવા અને જવાબદાર કર્મચારીઓને ઈમર્જન્સી કોલ્સનો સમયસર જવાબ આપવા કડક સૂચના આપવા જણાવ્યું છે.

ઉલ્લેખનીય છે કે, ખેડા જિલ્લામાં વીજ વિભાગ દ્વારા આ વરસે પ્રિ-મોન્સૂન કામગીરીમાં વેઠ ઉતારી હોય તેમ વારંવાર વિજળી ડૂલ થઈ રહી છે.

આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

વાસદ પોલીસ સ્ટેશન ખાતે ગણેશોત્સવ પૂર્વે શાંતિ સમિતિની બેઠક યોજાઈ

આણંદ | ગણેશ મહોત્સવની શાંતિપૂર્ણ ઉજવણી અને કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી વાસદ પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સ્થાનિક ગણેશ ઉત્સવના આયોજકો, ગામના અગ્રણી આગેવાનો તેમજ ડીજે સંચાલકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. પોલીસ તંત્ર દ્વારા ગણેશોત્સવ પૂર્વે તમામ આયોજકો અને ડીજે સંચાલકોને જરૂરી માર્ગદર્શક સૂચનાઓ આપવામાં આવી હતી. આગામી તહેવાર કોમી એકતા અને શાંતિપૂર્ણ વાતાવરણમાં ઉજવાય તે રીતે આયોજન કરવા પર બેઠકમાં ભાર મુકાયો હતો.

રાસનોલમાં ભાદરવી બીજના પાવન પર્વે રામદેવપીર મહારાજની ભવ્ય નેજા પદયાત્રા યોજાઈ

આણંદ | ભાદરવી બીજના પાવન પર્વે રાસનોલ ગામમાં અરવિંદ પરમાર ભુવાજીના નિવાસ સ્થાનેથી ડી.જે.ના તાલે અને ભજનો સાથે ભવ્ય નેજા પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. અબીલ-ગુલાલની ઉડાન અને ભક્તિમય માહોલમાં ગામના મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ આ ધાર્મિક ઉત્સવમાં ઉત્સાહભેર જોડાયા હતા. પદયાત્રા રાસનોલથી નીકળી રામપુરા નજીક નહેર પાસે આવેલ રામદેવપીર મહારાજના મંદિરે પહોંચી હતી, જ્યાં ભક્તોએ નેજા ચડાવ્યા હતા. આ પ્રસંગે આરતી અને પ્રસાદનું આયોજન કરાયું હતું, જેમાં ગ્રામજનો અને માઇભક્તોએ દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એકવેરીયસ કોમ્પલેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

ખેડા જિલ્લામાં 'સેવા સંકલ્પ યાત્રા'નું ઢોલ અને નગારા અને પુષ્પવર્ષા સાથે ભવ્ય સ્વાગત કરાયું

નડિયાદ | વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની ૨૫ વર્ષની જનસેવા સમર્પિત ઉજવણી અંતર્ગત પાવાગઢથી શરૂ થયેલી 'સેવા સંકલ્પ યાત્રા'ની બાઇક રેલી નડિયાદ આવી પહોંચી હતી. ખેડા જિલ્લાના પીપલગ, કમળા, મહુધા, કઠલાલ, ભાટેરા અને કપડવંજ ખાતે રાજ્યમંત્રીઓ, ધારાસભ્યો તથા સ્થાનિક પદાધિકારીઓ દ્વારા યાત્રીઓનું ઉષ્માભર્યું સ્વાગત કરાયું હતું. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી 'વિકસિત ભારત' નિર્માણ માટે સંકલ્પ લીધા હતા. આ યાત્રા દરમિયાન મહુધા ચોકડી ખાતે વૃક્ષારોપણ, સફાઈ ઝુંબેશ અને સફાઈ કામદારોનું સન્માન કરવામાં આવ્યું હતું.

કપડવંજના કેદારેશ્વર મહાદેવ ખાતે શ્રાવણના અંતિમ દિવસે ભવ્ય લોકમેળો અને મહાપ્રસાદ યોજાયો

કપડવંજ | કપડવંજ તાલુકાના તેલનાર પાસે આવેલ ઐતિહાસિક શ્રી કેદારેશ્વર મહાદેવ ખાતે શ્રાવણ માસના અંતિમ દિવસે (અમાસ) લોકમેળાનું આયોજન થયું હતું. આ પવિત્ર પ્રસંગે શિવભક્તો માટે મહાપ્રસાદનું પણ વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પૂર્વ મંત્રી બિમલભાઈ શાહ, દાતા આઈ. કે. પરમાર અને જબરૂસિંહજી વાઘેલા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. મેળામાં આજુબાજુના વિસ્તારમાંથી વિશાળ સંખ્યામાં શિવપ્રેમી જનતાએ ઉમટી પડીને ધર્મલાભ લીધો હતો.

કપડવંજના મોટા નાગરવાડામાં સતત 11માં વર્ષે ધામધૂમથી ગણપતિજીનું સ્થાપન કરાયું

કપડવંજ | કપડવંજના મોટા નાગરવાડા ખાતે સતત 11માં વર્ષે ગણપતિ ગજાનંદ મહારાજનું સ્થાપન ખૂબ જ ધામધૂમ પૂર્વક કરવામાં આવ્યું છે. છેલ્લા એક અઠવાડિયાથી આગમન ઉત્સવ વચ્ચે સમગ્ર કપડવંજ 'ગણપતિ બાપ્પા મોરિયા'ના નાદથી ગુંજી ઊઠ્યું છે. સ્થાનિક યુવાનો મોટી સંખ્યામાં એકઠા થઈને ભક્તિભાવપૂર્વક દાદાનું પૂજન અને અર્ચન કરી રહ્યા છે. આ પ્રસંગે પરંપરાગત પોશાક, નાસિક બેન્ડ, ડીજે અને ભવ્ય આતશબાજી સાથે દાદાની આરાધના કરવામાં આવી હતી.

કપડવંજમાં પિંકેશ દોશીએ પર્યુષણ પર્વમાં સતત ૪૧માં વર્ષે અઠ્ઠાઈ તપની અડગ આરાધના કરી

કપડવંજ | કપડવંજના દલાલવાડામાં રહેતા પિંકેશ સવાઈલાલ દોશીએ પર્વાધિરાજ પર્યુષણ પર્વ નિમિત્તે સતત ૪૧માં વર્ષે અઠ્ઠાઈ તપની આરાધના કરી ધર્મ પ્રત્યેની અડગ શ્રદ્ધા દર્શાવી છે. તેમણે છેલ્લા ૪૦ વર્ષથી પર્યુષણમાં અઠ્ઠાઈ તપ કરવાનો પોતાનો ક્રમ આ વર્ષે પણ નિષ્ઠાપૂર્વક જાળવી રાખ્યો હતો. આરાધના દરમિયાન તેમણે દરરોજ વિધિવત પૂજા અને પ્રતિક્રમણ કરીને પોતાની ધાર્મિક શ્રદ્ધા ઉજાગર કરી હતી. ઉલ્લેખનીય છે કે ૯ જીનાલયો ધરાવતા કપડવંજ શહેરમાં પર્યુષણ પર્વ નિમિત્તે જૈન સમાજ દ્વારા ભગવાનની આંગી પૂજા કરવામાં આવે છે.

મહીસાગર કલેક્ટરે સોશિયલ મીડિયા ઇન્ફ્લુએન્સર્સ સાથે સંવાદ યોજાયો

લુણાવાડા | રાજ્યવ્યાપી 'સેવા સંકલ્પ અભિયાન'ના સુચારુ પ્રચાર-પ્રસાર અર્થે મહીસાગર કલેક્ટર અર્પિત સાગરના અધ્યક્ષસ્થાને સોશિયલ મીડિયા ઇન્ફ્લુએન્સર્સ સાથે સંવાદ કાર્યક્રમ યોજાયો હતો. આ બેઠકમાં કલેક્ટરે 'આશીર્વાદનો દીવો' સહિતના ૧૩ મુખ્ય કાર્યક્રમો તેમજ મહીસાગરના પ્રવાસન સ્થળો, પુસ્તકાલયો અને સ્પોર્ટ્સ સંકુલની માહિતી જનજન સુધી પહોંચાડવા અનુરોધ કર્યો હતો. આ સંવાદ કાર્યક્રમમાં નિવાસી અધિક કલેક્ટર સી. વી. લટા, ડીઆરડીએ નિયામક ચંદ્રિકાબેન ભાભોર અને લુણાવાડા પ્રાંત અધિકારી ઉમેશ શાહ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

બાકરોલની સ્પેક એન્જિનિયરિંગ કોલેજ દ્વારા એન્ટી-રેગિંગ સપ્તાહની ઉજવણી કરાઈ

આણંદ | બાકરોલ સ્થિત સરદાર પટેલ કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલોજી ખાતે પ્રથમ વર્ષ બીઇના વિદ્યાર્થીઓ માટે એન્ટી-રેગિંગ સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રિન્સિપાલ ડો. નાનક પમનાણી અને વાઇસ પ્રિન્સિપાલ ડો. ઋત્વિજ જોશીના માર્ગદર્શન હેઠળ કેમ્પસને સુરક્ષિત અને રેગિંગમુક્ત બનાવવાના હેતુથી આ આયોજન કરાયું હતું. આ કાર્યક્રમ દરમિયાન ડોક્યુમેન્ટરી દર્શાવવામાં આવી હતી તેમજ વિદ્યાર્થીઓએ પોસ્ટર મેકિંગ અને નિબંધ લેખન સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.આ સફળ આયોજન બદલ સંસ્થાના સેક્રેટરી શીતલ પટેલ, ટ્રસ્ટીશ્રીઓ અને મેનેજમેન્ટ દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

મહીસાગરના દિવડા ખાતે આદિવાસી અધિકાર દિન નિમિત્તે ત્રિવિધ સ્પર્ધાઓ યોજાઈ

આણંદ | આદિવાસી વિકાસ મંડળ સંતરામપુર-કડાણા દ્વારા 'વિશ્વ આદિવાસી અધિકાર દિન'ની ઉજવણી અંતર્ગત દિવડા પ્રાથમિક શાળા ખાતે ચિત્રકામ, નિબંધ અને વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરાયું હતું. મહીસાગર જિલ્લાની વિવિધ શાળાઓમાંથી ઉપસ્થિત રહેલા કુલ ૧૯૦ વિદ્યાર્થીઓએ આદિવાસી સંસ્કૃતિ, ઈતિહાસ અને વારસા પર આધારિત આ સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ કૌશલ્ય પ્રદર્શિત કર્યું હતું. નિર્ણાયકોની તટસ્થ ભૂમિકા બાદ પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ મેળવનાર ૩૬ સ્પર્ધકોને ટ્રોફી આપી સન્માનિત કરાયા હતા.

લુણાવાડાના પાંચ વિદ્યાર્થી રૂપમી રાષ્ટ્રીય યુસીમાસ સ્પર્ધામાં ઝળક્યાં

લુણાવાડા | મુંબઈમાં યોજાયેલી રૂપમી રાષ્ટ્રીય યુસીમાસ સ્પર્ધામાં દેશભરના સાત હજારથી વધુ બાળકો વચ્ચે લુણાવાડા સેન્ટરના ૫ વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી વિજય મેળવ્યો છે. આ સ્પર્ધા દરમિયાન બાળકોએ માત્ર ૮ મિનિટમાં ૨૦૦ ગણિતના પ્રશ્નો ઉકેલી પોતાની અસાધારણ ગણતરીની ઝડપ, એકાગ્રતા અને ચોકસાઈનો પરિચય આપ્યો હતો. રાષ્ટ્રીય મંચ પર વિજેતા બનીને આ બાળકોએ લુણાવાડાથી મુંબઈ સુધી પોતાના સેન્ટર તેમજ સમગ્ર પંથકનું નામ રોશન કર્યું છે. આ ગૌરવપૂર્ણ સફળતા બદલ સેન્ટરના સંચાલિકા જાનકીબેન અને સમગ્ર UCMAS પરિવારે વિજેતા બાળકો, શિક્ષકો અને વાલીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા છે.

મહેમદાવાદના નેનપુર જલારામ ધામ ખાતે રામુ દાદાના જન્મદિને ગૌશાળાની ખાતવિધિ સંપન્ન

નડિયાદ | ખેડા જિલ્લાના મીની વીરપુર ગણાતા નેનપુર જલારામ ધામ ખાતે ૮૫ વર્ષીય સેવામૂર્તિ રામુ દાદાના જન્મદિને નવી ગૌશાળાની ખાતવિધિ કરવામાં આવી છે. અન્નક્ષેત્ર અને આરોગ્ય કેમ્પથી ધમધમતા આ સેવાધામમાં ૩૦ જેટલી વૃદ્ધ અને અશક્ત ગૌમાતાઓને આશ્રય પૂરો પાડવામાં આવશે. એલઆઈસીમાંથી નિવૃત્ત થઈને વતનમાં મંદિરનું સ્વપ્ન સાકાર કરનાર રામુ દાદા અને મિત્તાબેન રાત-દિવસ સેવામાં કાર્યરત છે. વીરબાઈ માતાની પ્રેરણાથી નિર્માણ પામનારી આ ગૌશાળાથી નેનપુરમાં ગૌસેવાની પ્રવૃત્તિઓને નવું બળ મળશે.